# વડોદરા જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી સંદર્ભે કલેકટરની અધ્યક્ષતામાં મહત્વની બેઠક મળી

વડોદરા, તા.૧૩

'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી સંદર્ભે કલેક્ટર કચેરીના ધારાસભા હોલ ખાતે કલેકટરશ્રી અતુલ ગોરની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. જેમાં ગ્રામ્ય સ્તરથી જિલ્લા સ્તર સુધી યોજાનારા કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી.

યોગની લોકપ્રિયતા અને લોકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધે તે માટે જિલ્લા વહીવટી તંત્ર તડામાર તૈયારી કરી રહ્યુ છે. આ માટે તા. ૧૪ જૂનથી તા. ૨૦ જૂન સુધી જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં દરરોજ સવારે ૪૫ મિનિટ યોગા પ્રોટોકોલ મુજબ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. તા ૧૫ જૂને જિલ્લા પંચાયત દ્વારા પ્રભાતફેરી, યોગ માટે સભાઓ, મુખ્ય માર્ગો પર રેલી જેવા યોગલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે. તા. ૧૬ જૂને આરોગ્ય વિભાગ દ્વારા તથા તા. ૧૭ જૂને શિક્ષણ વિભાગ દ્વારા યોગકેન્દ્રી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આવી જ રીતે તા. ૧૮ જૂને યોગની મહત્તા સમજાવવા માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવશે. તા. ૨૧ જૂને વિશ્વ યોગ દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાની ઉજવણી કરજણ ખાતે કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ યોગલક્ષી કાર્યક્રમોને ગ્રામ્ય સ્તરે પણ લઈ જવા માટે અધિકારીઓને સૂચના આપી હતી. એટલે કે યોગલક્ષી વિવિધ કાર્યક્રમો જિલ્લા કક્ષા ઉપરાંત તાલુકા સ્તરે, નગરપાલિકા સ્તરે અને ગ્રામ્ય સ્તરે પણ યોજાશે. અમૃત સરોવરો અને આઈકોનિક સ્થળો પર યોગ કાર્યક્રમોનું આયોજન કરવા માટે આ બેઠકમાં અધિકારીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા, તાલુકા, નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવી હતી. જેથી યોગનો મહત્તમ પ્રચાર-પ્રસાર કરી શકાય અને લોકો યોગને જીવનશૈલી બનાવે. તમામ કચેરીઓમાં યોગા સેશન ગોઠવવા માટે કલેકટરશ્રીએ અધિકારીઓને તાકીદ કરી હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ, ડી.આર.ડી.એ.ના નિયામક મિતા જોષી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

VOLTAMP VADODARA THE POWER OF INDUSTRY

**વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લીમીટેડ**

CIN: L31100GJ1967PLC001437

રજી. ઓફીસ : મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪, ગુજરાત (ઈન્ડીયા)

ફોન : +91 265 6141403 / 6141480 / 3041480

ઈ-મેઈલ : voltamp@voltamptransformers.com, વેબસાઈટ : www.voltamptransformers.com

## શેરધારકોને નોટીસ

**ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ("IEPF ")ને ઈક્વીટી શેરનું હસ્તાંતરણ**

શેરધારકોને આ સાથે જણાવવામાં આવે છે કે, કંપની એક્ટ ૨૦૧૩ અને ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ ઓડીટ ટ્રાન્સફર અને રિફંડ) રુલ્સ, ૨૦૧૬("નિયમો") અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા સુચીત ૭મી, સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજથી અમલમાં આવેલ સુધારા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે જાહેર કરાયેલ અંતિમ ડીવિડન્ડ, જે સાત વર્ષના સમયગાળા માટે દાવા વગરનું રહ્યું છે તે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ પછી IEPF માં જમા કરવામાં આવશે.અનુરૂપ શેરો કે જેના પર સતત સાત વર્ષ સુધી ડીવિડન્ડનો દાવો કરવામાં આવ્યો નથી, એ શેરો પણ નિયમ મુજબ IEPF ને હસ્તાંતરણ કરવામાં આવશે.

તે મુજબ કથિત કાયદા હેઠળ, કંપનીએ જે શેરધારકોના શેર અને ડિવીડન્ડ ૨૦૨૩-૨૪ દરમ્યાન IEPF માં હસ્તાંતરણ કરવા પડે એવા છે, એવા શેરધારકોને તેમનાં લેટેસ્ટ એડ્રેસ પર વ્યક્તિગત રીતે જાણકારી આપી છે, કંપનીએ IEPF ને હસ્તાંતરણને યોગ્ય શેર અને આ પ્રકારના શેરધારકોની વિગતો તેની વેબસાઈટ www.voltamptransformers.com. પર અપલોડ કરી છે. શેરધારકોને IEPFને હસ્તાંતરણ કરવાને યોગ્ય શેરની વિગતની ચકાસણી કરવા કંપનીની વેબસાઈટ જોવા વિનંતી છે.

આ માટે કૃપા કરીને નીચેની બાબતોની નોંધ લેવી.

**જો તમે ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો :**

ડુપ્લીકેટ શેર પ્રમાણપત્ર(ઓ) જારી કરવામાં આવશે અને IEPF ને ટ્રાન્સફર કરવામાં આવશે. તમારા નામ (નામો) માં નોંધાયેલ અને તમારા દ્વારા રાખવામાં આવેલ અસલ શેર પ્રમાણપત્ર(ઓ) આપોઆપ રદ થઈ જશે.

**જો તમે ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવો છો તો :**

IEPFમાં ટ્રન્સફર કરવા માટે જવાબદાર શેર્સ તમારા ડીમેટ એકાઉન્ટમાંથી ડેબીટ કરવામાં આવશે.

સંબંધિત શેરધારકોએ અવેતન ડીવિડન્ડનો દાવો કરવાની વિનંતી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં કંપની/રજીસ્ટાર અને ટ્રન્ફર એજન્ટને કરવી. **મહેરબાની કરીને નોંધ લેવી કે જો ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં કંપની અથવા રજીસ્ટારને કોઈ જવાબ નહી મળે તો કંપનીએ આગળની કોઈ પણ સુચના વિના IEPFને શેર હસ્તાંતરણ કરશે.**

એ પણ નોંધવું જોઈએ કે IEPFને હસ્તાંતરણ કરાયેલ શેરો પર ઉપાર્જીત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોય તો, IEPF નિયમો દ્વારા નિર્ધારીત પ્રક્રિયા અનુસાર IEPF ઓથોરીટી પાસેથી પાછો દાવો કરી શકાય છે.

આ બાબતે કોઈપણ સ્પષ્ટતા માટે, કૃપા કરીને કંપનીના રજીસ્ટાર અને ટ્રાન્ફર એજન્ટનો સંપર્ક કરો : મે. લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રા. લિ., બી-૧૦૨ અને ૧૦૩, શંગરીલા કોમ્પલેક્ષ, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, વડોદરા-૩૯૦૦૨૦, ટેલી. નં. :0265-6136000, email: iepf.shares@linkintime.co.in.

**વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ લી.** વતિ

**સંકેત રાઠોડ**

કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા

તા. ૧૩-૦૬-૨૦૨૩

Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૯મો માળ, "શિવા" સારાભાઈ કોમ્પ્લેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડીવાડી, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.

CIN: L25200GJ1973PLC002436

ફોન : +૯૧ ૨૬૫ ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

E mail : secshare@styrenix.com | Website : www.styrenix.com

## નોટીસ

**ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે**

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઈઓ મુજબ, કંપનીના ઈક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત (૭) વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફન્ડ (આઈઈપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ તા. ૧૨ જુન, ૨૦૨૨ ના રીમાઈન્ડર લેટર દ્વારા શેર હોલ્ડરોને તેમના કંપનીમાં નોંધાયેલા સરનામે યોગ્ય પગલાં લેવા વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઈટ www.styrenix.com પર આવા શેરહોલ્ડરો અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાપાત્ર શેર્સની વિગતો અપલોડ કરવામાં આવી છે. શેરહોલ્ડર્સ વેબસાઈટમાંથી અનકલેમ્ડ ડિવિડન્ડ અને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર માટે પાત્ર શેરની વિગતો ચકાસી શકે છે તથા ટ્રાન્સફર થતાં પહેલાં તેમના ડિવિડન્ડ અને શેર કલેઈમ કરવા માટે કંપનીનો તાત્કાલિક સંપર્ક કરી શકે છે.

ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સંબંધિત શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની, નિયમો મુજબ આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સનાં ટ્રાન્સફરના હેતુઓ માટે તેમના દ્વારા રાખવામાં અવેલા મૂળ શેર પ્રમાણપત્રો ને બદલે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) આપશે અને આવા શેરના ઈશ્યુ પર મૂળ શેર પ્રમાણપત્ર, જે તેમના નામ પર રજીસ્ટર્ડ છે, તે આપમેળે રદ થઈ જશે અને બિન-વટાઉ તરીકે માનવામાં આવશે અને ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં શેર ધરાવતા શેરહોલ્ડરોને તેમના આવા આઈઈપીએફમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર તેમના ડિમેટ એકાઉન્ટમાં ડેબીટ તરીકે જણાશે. વધુમાં શેરહોલ્ડરો નોંધ રાખી શકે છે કે કંપની દ્વારા તેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમો અનુસાર, આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં શેર્સના ટ્રાન્સફરના હેતુસર કંપની દ્વારા ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર (ઓ) ના ઈશ્યુના સંદર્ભમાં યોગ્ય નોટિસ માનવામાં આવશે.

જો કંપની **૩૧ ઓગષ્ટ, ૨૦૨૩** સુધી સંબધિત શેરહોલ્ડરો પાસેથી કોઈપણ પ્રકારનો કાયદેસરનો દાવો / જવાબ નહીં મળે, તો કંપની ઉક્ત નિયમોની જરૂરીયાતોનું પાલન કરવાના દૃષ્ટિકોણ સાથે, શેરહોલ્ડરોને અન્ય કોઈપણ વધુ નોટિસ વિના, નિયમોમાં નિયત પ્રક્રિયા મુજબ નિયત તારીખ સુધી શેરને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરશે, ત્યાર બાદ આવા ટ્રાન્સફર કરાયેલા શેરો અંગે કંપનીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

શેરહોલ્ડર્સ નોંધી શકે છે કે બંને આઈઈપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનકલેમ્ડ ડિવિડન્ડ અને શેર્સ, અને આવા શેર્સ પર પ્રાપ્ત થતા તમામ લાભો સહિત, જો કોઈ હોયતો, નિયમોમાં સૂચિત કાર્યવાહીને અનુસરીને આઈઈપીએફ ઓથોરિટી પાસેથી તેઓ ફરીથી કલેમ કરી શકે છે.

જો શેરધારકોને ઉપરોક્ત વિષય અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. બી-ટાવર, ૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પલેક્ષ, પ્રથમ માળ, એચ.ડી.એફ.સી. બેંક સામે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા-૩૯૦૦૨૦, ટેલીફોન નં. (૦૨૬૫) ૬૧૩૬૦૦૦, ઈ-મેઈલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરી શકશે.

બોર્ડના આદેશ દ્વારા

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ માટે**

સહી/-

**અભિજાત સિન્હા**

હેડ લીગલ એન્ડ કંપની સેક્રેટરી

તારીખ : ૧૩ જુન, ૨૦૨૩

સ્થળ : વડોદરા





બિપરજોય વાવઝોડા સામે

# સાવચેતી એ જ સલામતી

## વાવાઝોડા પહેલાં શું કરવું જોઈએ ?

- આગાહી માટે રેડિયો, ટી.વી. સમાચારો, જાહેરાતોના સંપર્કમાં રહેવું. બેટરીથી ચાલતા રેડિયોનો ઉપયોગ કરશો.
- સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો.
- જો આપ જોખમી વિસ્તારમાં રહેતા હો તો વાવાઝોડાની પ્રથમ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યું છે.
- આપના જાનમાલની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા સલામત સ્થળ અથવા આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરાવવામાં આવે તો આપનો સહકાર આપશો.
- સ્થળાંતર સમયે ગભરાટ કર્યા વગર આપના સામાન તેમજ ઢોર-ઢાંખરની સલામતીનું ધ્યાન રાખો.
- ફાનસ, ટોર્ચ, ખાવાની વસ્તુઓ, પાણી, કપડાં, વધારાની બેટરી, ધાબળા અને પ્રાથમિક સારવારની કિટ જેવી તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓ ભેગી કરી તૈયાર રાખવી.
- આપના અગત્યના દસ્તાવેજો, આપના ફોટોગ્રાફ સાથેના ઓળખપત્રો તેમજ બ્લડ ગ્રુપની માહિતી સાથે રાખો.
- દરિયાકાંઠાના અગરીયાઓએ સલામત સ્થળે ખસી જવું.
- માછીમારોએ દરિયામાં જવું નહીં, સલામત સ્થળે બોટને લંગારવી.
- અફવા ફેલાવશો નહીં, શાંત રહો, ગભરાશો નહીં.
- જરૂરી અને કિંમતી સામાન પ્લાસ્ટીકમાં પેક કરી શક્ય હોય તો ઉપરના માળે ખસેડી લેવો.
- બાળકોને વાવાઝોડા વિશે સમજણ આપો. જેથી ભય દૂર થશે અને આપત્તિ સમયે ઝડપથી સલામતીભર્યા પગલાં લેવાની સુઝ વિકસશે.
- આપના આવાસની મજબૂતીની ખાતરી કરી લો અને બાંધકામને લગતી ક્ષતિઓ દૂર કરવાનો પ્રયત્ન કરો.
- બિમાર વ્યક્તિઓ અને બાળકો માટે ખોરાક, પાણી અને દવાઓની લગભગ સાત દિવસ ચાલે તેવી વ્યવસ્થા રાખો.
- વૃક્ષોના સૂકા અને રોગયુક્ત ભાગો કાપી નાખો જેથી ફૂંકાતા પવનને લીધે તેઓના પડી જવાથી થતું નુકશાન અટકી શકે. નબળી ડાળીઓ પણ કાપી નાખો.
- વાહનો ચાલી શકે તેવી સ્થિતિમાં રાખો.

## વાવાઝોડું ત્રાટકે ત્યારે

### શું કરવું?

- ઘરના તમામ બારી બારણાં બંધ રાખવા.
- માછીમારોએ પોતાની હોડી સલામત સ્થળોએ બાંધી રાખવી જોઈએ.
- અગરીયાઓએ અગરો છોડી સલામત જગ્યાએ આશ્રય લેવો જોઈએ.
- પાણીના સ્રોતથી દૂર રહેવું.
- વીજપ્રવાહ તથા ગેસ કનેકશન બંધ રાખવા.
- ટેલિફોન દ્વારા શક્ય હોય તો કંટ્રોલ રૂમમાંથી સાચી માહિતી મેળવવી અને અફવાઓથી દૂર રહેવું.

### શું ન કરવું?

- ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ.
- વાવાઝોડા સમયે રેલ મુસાફરી કે દરિયાઈ મુસાફરી હિતાવહ નથી.
- બહુમાળી મકાનો ઉપર કે મકાનોની છત ઉપર રહેવાનું ટાળો. બને ત્યાં સુધી મેદાનમાં કે તેની આસપાસ રહો.
- માછીમારોએ દરિયામાં ન જવું જોઈએ.
- વૃક્ષ નીચે, થાંભલાઓ પાસે કે જૂના જર્જરિત મકાનોમાં આશ્રય લેવાનું ટાળો.
- વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડશો નહીં. વીજળીના થાંભલાથી દૂર રહો.

## બિપરજોય વાવાઝોડા સંદર્ભે રાજ્યના ૮ જિલ્લાઓ અને તેના તાલુકાઓના કંટ્રોલરૂમ નંબર

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**કચ્છ - (ભૂજ) 02832-250923**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ભૂજ-02832 230832
માંડવી-02834 222711
મુંદ્રા-02838 222127
અંજાર-02836 242588
ગાંધીધામ-02836 250270
ભચાઉ-02837 224026
રાપર-02830 220001
નખત્રાણા-02835 222124
અબડાસા-02831 222131
લખપત-02839 233341

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**જૂનાગઢ - 0285 2633446**
**તાલુકા કંટ્રોલ રૂમ**
જૂનાગઢ-0285 2636595
વંથલી-02872 222046
માણાવદર-02874 221440
મેંદરડા-02872 241329
માળીયા હાટીના-02870 222232
ભેંસાણ-02873 253426
વિસાવદર-02873 222056
કેશોદ-02871 236043
માંગરોળ-02878 222009

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**ગીર સોમનાથ - 02876 240063**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ગીર સોમનાથ-02876 285064
વેરાવળ-02876 244299
તલાલા-02877 222222
સુત્રાપાડા-02876 263371
કોડીનાર-02795 221244
ઉના-02875 222039
ગીર ગઢડા-02875 243100

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**દેવભૂમિ દ્વારકા - 02833 232125**
**તાલુકા કંટ્રોલ રૂમ**
ખંભાળીયા-78619 84900
ભાણવડ-02896 232113
દ્વારકા-79845 74022
કલ્યાણપુર-99749 40580

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**જામનગર - 0288 2553404**
**તાલુકા કંટ્રોલ રૂમ**
કાલાવડ-02894 222002
જામજોધપુર-02898 221136
જોડીયા-02893 222021
ધ્રોલ-02897 222001
લાલપુર-02895 272222

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**રાજકોટ - 0281 2471573**
**તાલુકા કંટ્રોલ રૂમ**
રાજકોટ-0281 2227222
ઉપલેટા-02826 221458
કોટડા સાંગાણી-02827 276221
ગોંડલ-02825 220093
જેતપુર-02823 220001
જસદણ-02821 220032
જામકંડોરણા-02824 271321
ધોરાજી-02824 221887
પડધરી-02820 233059
લોધિકા-02827 244221
વીંછીયા-02821 273432

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**મોરબી - 02822 243300**
**તાલુકા કંટ્રોલ રૂમ**
વાંકાનેર-02828 220590
હળવદ-02758 260031
માળીયા મીયાણા-9328734028
ટંકારા-02822 287675

**જિલ્લા કંટ્રોલ રૂમ**
**પોરબંદર - 0286 2220800**
**તાલુકા કંટ્રોલ રૂમ**
રાણાવાવ-02801 230622
કુતિયાણા-02804 261226

**આફત સામે પૂર્વ તૈયારી એ જ ઉપાય**

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦**

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

**વાવાઝોડાની અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે**

@infogujarat gujaratinformation.official gujarat.information